સત્યમેવ જયતે

# માનવ કલ્યાણકારી સાર્વજનિક ટ્રસ્ટ, નવસારી અને

રજિ. નં. એફ/૬૩૮/નવસારી સ્થાપના : તા. ૦૧-૦૨-૨૦૧૧ સોસા. રજિ. નં. ગુજ./૪૨૨/નવસારી

''સંગીતમ્'' ૧૩, મહાવીર ચેમ્બર્સ, નાગરવાડ, નવસારી.

તા.જિ. નવસારી - ૩૯૬ ૪૪૫.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ યુનિવર્સિટી, નવસારી આયોજિત

એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, તા. જલાલપોર, જિ. નવસારી.



### સ્વ.પૂ. સવિતાબહેન ડાહ્યાભાઈ પટેલ (મછાડ) ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે તૃતીય

# સ્તન કેન્સર નિદાન અને સારવાર મેડિકલ કેમ્પ - નવસારી

**તા. ૨૦-૧૨-૨૦૧૫ ને રવિવાર, સમય : સવારે ૯.૦૦ કલાકે**

**સ્થળ : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, તા. જલાલપોર, જિ. નવસારી.**

## નમ્ર વિનંતી

પ્રતિ,
પ્રિય બહેનો અને પૂજ્ય માતાજીઓ,
નમસ્કાર,

આપ સૌને અમારી નમ્ર વિનંતી છે કે, શ્રી મોહનભાઈ પરભુભાઈ પટેલ (કરાડી) અને શ્રી ડાહ્યાભાઈ નમાભાઈ પટેલ (મછાડ)ના પરિવારજનોના સૌજન્યદાનથી અને ''બા'' શ્રીમતી લીલાબહેન ચીમનલાલ પરીખ, કેન્સર સેન્ટર-નવસારી (નવસારી કેન્સર કેર ફાઉન્ડેશન પ્રેરિત) ના સહયોગથી આ કેમ્પનું આયોજન થયું છે.

આ કેમ્પમાં તજજ્ઞો, અનુભવી અને સેવાભાવી ડૉકટરોની ટીમ જરૂરી તપાસ કરી રોગનું નિદાન કરશે, અને અદ્યતન પ્રસાધનો દ્વારા સારવાર પણ કરશે, આપ સૌને માટે આ અમૂલ્ય તક ઊભી છે. તો તે તક ઝડપી લેવા માટે આપના નામની નોંધણી આજે જ કરાવી લેશો. કોઈપણ પ્રકારનો ભય અને સંકોચ વિના તપાસ કરાવી લેવા વિનંતી છે.

## સહયોગી હોસ્પિટલો : અનુભવી અને નિષ્ણાંત ડૉકટરોની મૂલ્યવાન સેવા

(૧) **ડૉ. પરિમલ બી. લાડ** (M.S.M.Ch.) **(કેન્સર સ્પેશ્યાલીસ્ટ)** યેશા સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ - નવસારી.

(૨) **ડૉ સુરેન્દ્રસિંઘ સોલંકી** (M.D.) **(રેડિયેશન ઓન્કોલોજી) ''બા''** શ્રીમતી લીલાબહેન ચીમનલાલ પરીખ, કેન્સર સેન્ટર - નવસારી.

(૩) **શ્રી ભાસ્કર આર. કવિ** (M.B.A.) **માનદ્મંત્રી ''બા''** શ્રીમતી લીલાબહેન ચીમનલાલ પરીખ, કેન્સર સેન્ટર - નવસારી.

:: આયોજકો ::

બાબુભાઈ ડી. પટેલ
પ્રમુખ
માનવ કલ્યાણકારી સાર્વ. ટ્રસ્ટ
નવસારી. મો. ૯૮૨૮૨ ૦૮૮૦૫

ડૉ. સી.કે. ટીમ્બાડિયા (Ph.D.)
સીનીયર સાયન્ટીસ્ટ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી. મો. ૯૮૨૫૩ ૮૬૪૩૫

માનવ કલ્યાણકારી સાર્વજનિક ટ્રસ્ટ, નવસારી.



# સ્તન કેન્સર કેમ્પ - કેન્સર જનજાગૃતિ અભિયાન

## કેન્સર વિશે માહિતી : સ્તન કેન્સર

## વહેલા નિદાન અને યોગ્ય સારવારથી આ કેન્સર મટી શકે છે

આપણાં દેશમાં સ્તન કેન્સરનું પ્રમાણ ઘણું વધારે છે. આજે ઝડપથી વિસ્તરતા શહેરીકરણને કારણે ભારતમાં દર વર્ષે ૮૦,૦૦૦ સ્ત્રીઓમાં સ્તનનું કેન્સર જોવા મળે છે. અમદાવાદમાં સ્ત્રીઓમાં થતાં કેન્સરમાં સ્તન કેન્સર અગ્રેસર છે. ગ્રામ્ય સ્ત્રીઓ કરતાં શહેરી સ્ત્રીઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધુ જોવા મળે છે. અમદાવાદ જિલ્લાના ગામોમાં દર એક લાખ સ્ત્રીઓમાં ૬.૬ સ્ત્રીઓને સ્તન કેન્સર થાય છે.

### જોખમકારી પરીબળો

નીચે જણાવેલ પરિબળોવાળી સ્ત્રીઓમાં સ્તન કેન્સર થવાનું જોખમ વધુ હોઈ શકે તેથી નિયમિત તપાસ કરાવવી જોઈએ.

(૧) જેમ સ્ત્રીની ઉંમર વધે તેમ સ્તન કેન્સર થવાનું જોખમ વધુ છે.
(૨) જે સ્ત્રીને એક સ્તનમાં કેન્સર થયું હોય તો બીજામાં થવાની શક્યતા વધુ છે.
(૩) જે સ્ત્રીની માતા કે બહેનને સ્તન કેન્સર થયેલ હોય.
(૪) જે સ્ત્રી ત્રીસ વર્ષની ઉંમર બાદ માતા બની હોય અથવા જે સ્ત્રીને બાળક ન થયાં હોય.
(૫) જે સ્ત્રીના માસિકની શરૂઆત ૧૨ વર્ષની ઉંમર પહેલાં થઈ હોય.
(૬) જે સ્ત્રીની મોટી ઉંમરે (૫૫ વર્ષ બાદ) માસિક બંધ થયું હોય.
(૭) જે સ્ત્રીએ બાળકોને સ્તનપાન ન કરાવ્યું હોય.
(૮) જે સ્ત્રી વધુ ચરબીવાળો ખોરાક લેતી હોય.
(૯) જે સ્ત્રીને વધુ દારૂ પીવાની ટેવ હોય.

**સ્તન કેન્સરનાં લક્ષણો :** શરૂઆતમાં સ્તનનું કેન્સર દુ:ખાવા વગરનું હોય છે. આ ઉપરાંત, નીચે જણાવેલ લક્ષણો રોગપૂર્વે હોઈ શકે પરંતુ તેવું બધા કેસોમાં જરૂરી પણ નથી.

(૧) સ્તન :
- સ્તનમાં દુ:ખાવા વગરની ગાંઠ
- સ્તનની ચામડી ખરબચડી થવી
- સ્તનના આકારમાં ફેરફાર થવો
- સ્તન પર ચાંદુ પડવું

(૨) ડીંટડી :
- ડીટડી પર ચાંદુ પડવું અથવા ખરજવું થવું
- ડીટડી અંદર ખેંચાઈ જવી
- ડીટડીમાંથી લોહી નીકળવું

(૩) બગલ :
- બગલમાં ગાંઠ હોવી

આ લક્ષણોનો અર્થ એ નથી થતો કે તે કેન્સર જ હોય પણ મહત્ત્વની બાબત એ છે કે આમાંના કોઈપણ લક્ષણ જણાય તો ડૉકટર પાસે બને તેટલી વહેલી તપાસ કરાવી લેવી જોઈએ, જેથી યોગ્ય સમયે જરૂરી નિદાન થઈ શકે. જો સ્તન કેન્સરનું બને તેટલું વહેલું નિદાન થાય તો તે સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય છે.

**નિર્દેશન અને નિદાન :** સ્તન કેન્સરના નિર્દેશન અને નિદાન માટે ત્રણ મહત્ત્વની પદ્ધતિઓ છે.

(૧) જાત તપાસ (૨) તબીબી તપાસ (૩) મેમોગ્રાફી

**સ્તનની જાત તપાસ :** માસિક આવ્યાના એક અઠવાડિયા પછી દર મહિને સ્તનની જાત તપાસની સલાહ આપવામાં આવે છે, જેમાં ગાંઠ કે સોજો માલૂમ પડે તો ડૉકટર તેને લગતી સારવાર નક્કી કરે છે. એ સામાન્ય પાણી ભરાઈ ગયેલી ગાંઠ અથવા તો સ્તન

**''મા'' કાર્ડ, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના (RSBY) કાર્ડ તથા BPL કાર્ડ/ચૂંટણી ઓળખપત્ર કાર્ડ સાથે લાવવા વિનંતી**

**આ કેમ્પમાં મછાડ, બોદાલી, કરાડી, મટવાડ, આવડા ફળિયા, સામાપોર, દાંડી, પેથાણ, કોથમડી, આટ, ઑંજલ વગેરે ગામની (૨૫ થી ૬૦ વર્ષની) મહિલાઓ ખાસ અચૂક અમૂલ્ય તકનો લાભ લઈ શકશે.**